ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૪-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### ચૂંટણીના પાંચમા તબક્કાનું 'મુશળધાર' મતદાન

પાંચમા તબક્કાના વિક્રમજનક મતદાનથી એટલું તો ફલિત થાય છે જ કે ભારતીય મતદાતા હવે એના મતાધિકાર પરત્વે જાગ્રત થઇ ચૂક્યો છે. અત્યાર સુધીની લોકસભાની સામાન્ય ચૂંટણીઓ કરતાં મતદાનની ટકાવારી વધી છે એની પાછળ મતદારની જાગૃતિ જેટલો જ બલકે એથી પણ વિશેષ રાજકીય પક્ષોનાં ધુંવાધાર પ્રચારનો પણ ફાળો છે. નરેન્દ્ર મોદી અર્જુનની જેમ વડાપ્રધાનપદ રૂપી પંખીની આંખ સામે લક્ષ્ય રાખી દેશભરમાં દડબડાટી બોલાવી રહ્યા છે તો સામે પક્ષે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને કોંગ્રેસના યુવરાજ તરીકેની ઓળખ ધરાવતા રાહુલ ગાંધીએ પણ બરાબર કેડ બાંધીને ઝુકાવ્યું છે. ઉત્તરપ્રદેશમાં મુલાયમસિંહ અને માયાવતી તો પશ્ચિમ બંગમાં મમતા બેનરજી પૂરી તાકાત સાથે જંગ જીતવા મેદાનમાં ઊતર્યાં છે. કર્ણાટકમાં ૬૮ ટકા, ઓડિશામાં ૭૦ ટકા અને પશ્ચિમ બંગમાં ૭૯ ટકા મતદાન થયું તે સૂચક છે. હિંદી પ્રદેશોમાં આ મતદાન ૬૨-૬૫ ટકા વચ્ચે રહ્યું છે, જો કે મધ્યપ્રદેશ અને બિહારની બેઠકો પર એ ૫૪ ટકા જ નોંધાયું છે. મહારાષ્ટ્રમાં ૬૨ ટકા મતદાન થયું છે તે ગઇ ચૂંટણીની સરખામણીએ વધુ હોવા છતાં શિવસેના, મનસે અને ભાજપ ઉપરાંત કોંગ્રેસ-એનસીપીના જોરદાર પ્રચારના પ્રમાણમાં ધાર્યા કરતાં ઓછું જ ગણાય. આ વખતે ચૂંટણી પંચે એક્ઝિટ પોલ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં સર્વોક્ષણો પરથી કળી શકાય છે કે મતદાતા પરિવર્તન ઇચ્છે છે અને નાત-જાત કરતાં વિશેષ એને વિકાસમાં રસ છે. વિકાસનો મુદ્દો સૌથી વધુ મોદી સાથે જોડાયેલો રહ્યો છે. વિકાસની વાતો અને દાવા તો કોંગ્રેસ, સમાજવાદી સહિત તમામ પાર્ટીઓ કરતી રહી છે પરંતુ મોદીનું ગુજરાત મોડલ દેશ આખામાં વિકાસનું પ્રતીક બની ગયું છે. એથી એટલું તારણ જરૂર નીકળી શકે કે પાંચમા તબક્કામાં એકસો એકવીસ બેઠકો પર થયેલ ચૂંટણીમાં ભાજપ મોટે ભાગ પડાવી જશે. બિહારમાં નીતીશકુમાર નબળા પડી રહ્યા હોવાના અણસાર છે. અહીં નિર્ણાયક મુસ્લિમ મતો લાલુપ્રસાદ અને કોંગ્રેસના યુપીએ જોડાણ ભણી વળે તો લાલુપ્રસાદ ફરી એકવાર મોટી તાકાત તરીકે ઉપસી આવે એવી શક્યતા નકારી શકાય એમ નથી. પરંતુ જો મુસ્લિમ મતોનું વિભાજન થાય તો ભાજપનો ઘોડો આગળ નીકળી શકે. ભાજપ સામે લગભગ મુસ્લિમ પંથના દેક ફિરકાએ દહેશત બતાવી છે પરંતુ હવે પ્રજા કોઇ મૌલવીને પૂછીને કે એમના ફતવા મુજબ મતદાન કરે એ વાતમાં માલ નથી. અલબત્ત, મુસ્લિમ મતો એક સાથે રહે અને ભાજપની વિરૂદ્ધમાં જે - તે મજબૂત ઉમેદવારને ટેકો કરે તો જરૂર ધાર્યું નિશાન પાડી શકે અને એટલા પ્રમાણમાં નરેન્દ્ર મોદીનો વિજયરથ રોકી શકે. ચૂંટણીમાં મનોવૈજ્ઞાનિક પ્રચારશૈલી ભાગ ભજવતી હોય છે. નરેન્દ્ર મોદી આ બાબત સુપેરે સમજતા હોઇ ૨૭૨+ વાળા જૂના મિશનનો આંકડો વધારીને હવે 'મને ૩૦૦ બેઠકો આપો' એવી ખુલ્લી માગણી કરવા લાગ્યા છે. રાજનાથસિંહ તો એથી પણ આગળ વધી ભાજપને ૩૫૦ બેઠકો મળશે એવાં નિવેદનો કરતા થઇ ગયા છે. સામા પક્ષે કોંગ્રેસે અટલબિહારી વાજપેયીની 'રાજધર્મ' વાળી જૂની કેસેટ વગાડવા માંડી છે અને ઉમા ભારતીએ કયારેક મોદીને 'વિનાશ પુરૂષ' કહેલા તથા હિન્દુઓ પણ એમનાથી ડરતા હોવાની વાત કરેલી એની સીડી ફરતી કરી દીધી છે. આમ, મતદારોને મૂંઝવવાના તમામ પ્રયાસો થઇ રહ્યા છે. મુલાયમસિંહે ભાજપના જ કોઇ મહત્ત્વકાંક્ષી નેતા એમના સંપર્કાં હોવાની વાત કરતાં કહ્યું કે મોદી ગમે તેટલા તૂટી મરશે તો પણ એમના જ પક્ષના મોટા નેતાઓ એમને વડાપ્રધાનપદ સુધી નહીં પહોંચવા દે. ચૂંટણીનો મધ્યાંતર પડી ગયો છે અને બાકી રહેલી બેઠકોમાં મોદીને વધુમાં વધુ નુકશાન કરવાની દિશામાં કોંગ્રેસ સહિત ભાજપ વિરોધી પાર્ટીઓનો પ્રયાસ વેગીલો બન્યો છે. મોદી સાથે મીઠા સંબંધો ધરાવતા જયલલિતા પણ હવે એ બેન્ડ વેગનમાં જોડાયા છે તે જ શું સૂચક નથી?

## લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા અનાથાશ્રમની દીકરીઓને ''ભૂતનાથ રિટર્ન્સ'' બતાવાયું




ગાંધીનગર, તા. ૧૮ લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા અનાથાશ્રમમાં રહેતી દીકરીઓને થોડી ખુશી આપવાના આશયથી - એમને મજા આવે એવી ફિલ્મ 'ભૂતનાથ રિટર્ન્સ' બતાવવામાં આવી હતી. સેકટર-૭ ખાતે આવેલ 'ચાઈલ્ડ હેવન ઈન્ટરનેશનલ'માં રહેતી દીકરીઓને સિટીપલ્સ સિનેમાગૃહમાં લઈ જઈને લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ફિલ્મ દર્શાવવામાં આવી ત્યારે પહેલી જ વાર સિનેમાગૃહની મુલાકાત લઈ રહેલી બાળાઓના ચહેરા પર અવર્ણનીય ખુશી છલકાતી હતી. સિટીપલ્સ તરફથી દીકરીઓને પોપકોર્ન આપવામાં આવ્યા હતા.

આ મુલાકાતને સફળ બનાવવા માટે સિટીપલ્સના મહેશભાઈ - ભરતભાઈ તથા સિટીપલ્સના મેનેજમેન્ટે ખુબ સુંદર સહકાર આપ્યો હતો. અનાથાશ્રમના સંચાલિકા શ્રીમતી કલાબેન તથા લાયોનેસ ક્લબના ઉપપ્રમુખ ચંદા યાદવ તથા ડિમ્પલ દેસાઈના સહયોગથી આ મુલાકાત સફળ બની હતી. આ માટે લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટે સૌનો આભાર માન્યો હતો.

## હરિની દૃષ્ટિ...



સાહેબ, આના આપઘાત કરવાનું કારણ આ ચિઠ્ઠીમાંથી મળી ગયું, બીચારો છેક સુધી નક્કી ન કરી શક્યો કે વોટ કઇ પાર્ટીને આપવો...!!

## પિતૃ ઋણમાંથી મુક્ત કરવા ગાયત્રી પરિવાર મહાયજ્ઞ કરશે

ગાંધીનગર, તા. ૧૮

આપણા કુંટુબના સ્વર્ગસ્થ સ્વજનોની આત્માને શાંતિ મળી રહે તે માટે ગાયત્રી પરિવાર દ્વારા તા. ૨૦ એપ્રિલના રોજ ગાયત્રી મહાયજ્ઞ યોજવામાં આવશે.

પવિત્ર ચૈત્ર માસમાં સદ્ગત દિવ્ય આત્માઓના મોક્ષાર્થે પિતૃના રૂણોમાંથી મુક્ત કરવા માટે સેક્ટર-૨૩ અભિનંદન એપાર્ટમેન્ટની સામે સવારે ૮ થી ૧૨ કલાક સુધી ગાયત્રી મહાયજ્ઞ અને શ્રાદ્ધ તર્પણ સંસ્કાર કાર્યક્રમ યોજવામાં આવશે.

યજ્ઞનું મંગલદીપ સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરના હરિકેશવ સ્વામીના હસ્તે કરવામાં આવશે. યજ્ઞમાં બેસવા માટે બહેનોએ પીળી સાડી અને ભાઈઓએ ધોતી અને સાદા વસ્ત્રો પહેરીને આવવુ. હાજર રહેવા માટે પ્રવિણ શર્મા-૯૮૨૪૫-૨૪૯૪૪, ભારતીબા ચાવડા-૮૪૮૭૯૭૩૦૫૩ અને મીનાબા વાઘેલા - ૯૯૭૯૨૦૮૯૨૦૫૨ સંપર્ક કરવા પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આજે રાષ્ટ્રીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાનનો ૧૫મો પદવીદાન સમારોહ

### જીએમઆર ગૃપના ચેરમેન જી.એમ. રાવના હસ્તે પદવીદાન યોજાશે : આઈડીબીઆઈના ચેરમેન અને સંસ્થાનના પ્રમુખ એમ.એસ. રાઘવન સમારોહનું ઉદ્ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પાસેના ભાટ ગામે આવેલ રાષ્ટ્રીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન ખાતે ૧૫મો પદવીદાન સમારોહ તા. ૧૯મી એપ્રિલ શનિવારે સાંજે ૫.૩૦ વાગે યોજાશે. આ પદવીદાન સમારોહમાં દેશના જાણીતા ઉદ્યોગગૃહ જીએમઆર ગૃપના ચેરમેન જી.એમ. રાવ અને સંસ્થાનના પ્રમુખ અને આઈડીબીઆઈના ચેરમેન એમ.એસ. રાઘવન ઉપસ્થિત રહેશે.

ભારતમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા કાર્યરત ગાંધીનગરની આ સંસ્થા ઉદ્યમિતા વિકાસ સંસ્થાન ખાતે મેનેજમેન્ટ અને બીઝનેસ એન્ટરપ્રિન્યોરશીપ વિષયમાં પોસ્ટ ગ્રેજયુએશન ડીપ્લોમાં કોર્સીસ ચલાવવામાં આવી રહ્યો છે. આ કોર્સના વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ સંસ્થાન ખાતે યોજવામાં આવ્યો છે જેમાં ભારતના વિખ્યાત ઉદ્યોગગૃહ જીએમઆર ગૃપના ચેરમેન જી.એમ. રાવના હસ્તે પદવીઓ એનાયત કરવામાં આવશે. સમારોહમાં આઈડીબીઆઈના ચેરમેન તથા રાષ્ટ્રીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાનના પ્રમુખ એમ. એસ. રાઘવન સમારોહનું ઉદ્ઘાટન કરશે.

## સાધનાના સરળ માર્ગો પર વક્તવ્ય

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે તા. ૨૬ એપ્રિલ સાંજે ૬.૦૦ વાગે અને તા. ૨૭ એપ્રિલ સવારે ૧૦.૦૦ વાગે માનવીનું તેજોમય ભવિષ્ય અને સાધનાના સરળ માર્ગો વિષય પર કાર્યક્રમ યોજવામાં આવશે. આ પ્રસંગે શ્રી અરવિંદ અને શ્રી માતાજીના તત્વદર્શનના ઊંડા અભ્યાસી જ્યોતિબેન થાનકી દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના નગરજનોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## પરીક્ષામાં સ્વનિર્ભર કોલેજોમાં વ્યાપક ચોરીની ફરિયાદ કરાઈ

### સંબંધિત અધ્યાપકોને પરીક્ષાની જવાબદારી આપી પડદા પાછળથી પરીક્ષા ચોરીના દૂષણોને પ્રોત્સાહન અપાયું છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોલેજોમાં બીએ, બીકોમ, બીએસસી, બીબીએ-બીસીએ, લો સહિતની વિદ્યાશાખાની પરીક્ષા લેવામાં આવી રહી છે. પરંતુ સ્વનિર્ભર સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં પરીક્ષાનું સંચાલન લોકલ લેવલે કોલેજોને સોંપી દેવામાં આવતા મોટા ભાગની કોલેજોમાં ધૂમ ચોરી થઈ રહી છે. કેટલીક કોલેજોના આચાર્યો પરીક્ષા ટાણે જ લાગતા વળગતા અધ્યાપકોને પરીક્ષાની જવાબદારી સોંપીને પડદા પાછળથી પરીક્ષા ચોરીના દૂષણને પ્રોત્સાહન આપી રહ્યા છે.

બીજી બાજુ પરીક્ષા દરમ્યાન અત્યાર સુધી કુલ ૩૧ વિદ્યાર્થીઓ કોપી કરતા ઝડપાયા છે જે કોલેજોમાં થતી મોટાપાયે ચોરીની ચાડી પુરે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચોઈસબેઈઝ ક્રેડીટ સીસ્ટમ પ્રમાણે સેમેસ્ટર પધ્ધતિથી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ ગત ૧૨મી એપ્રિલથી બીએ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ, લો સહિતની વિવિધ વિદ્યાશાખાની સેમેસ્ટર-૬ની પરીક્ષાઓનો શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા પરીક્ષા કેન્દ્રોમાં પ્રારંભ થયો છે, પરંતુ આ પરીક્ષામાં સ્વનિર્ભર કોલેજોના વિદ્યાર્થીઓને પરીક્ષા ચોરી માટે છુટ્ટો દોર મળી ગયો છે, કારણ કે આ કોલેજોના સંચાલકો અને અધ્યાપકો પોતાની કોલેજના પરિણામો ઉંચા લાવવા માટે બેફામ ચોરી કરતા પરીક્ષાર્થીઓ સામે કોઈ પ્રકારના પગલાં લેતા નથી.

બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા મોકલેલા ચેકીંગ સ્કવોર્ડ દ્વારા પરીક્ષામાં કોપી કરતાં ૩૧ વિદ્યાર્થીની સામે કોપી કેસ કરીને પોતાની ફરજ નિભાવાઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓની સામે નિયત ધારાધોરણ અનુસાર પરીક્ષાશુદ્ધિ સમિતિ સમક્ષ કેસ લઈ જવાશે અને હીયરીંગ હાથ ધરાશે. પરંતુ અમુક સેન્ટરમાં તેમાંય ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં ચેકીંગ સ્કવોર્ડ મોકલવામાં આવે છે તે પણ આંટાફેરા કરીને પાછી આવે છે તેથી ધુમ પરીક્ષા ચોરી થતી હોવા છતાં કોપી કેસનો આંકડો નીચો રહે છે.

## ડોનેશનના નામે સ્કૂલો દ્વારા લૂંટની પ્રક્રિયા યથાવત જારી

અમદાવાદ, તા.૧૮

એક બાજુ અત્યારે પરીક્ષાઓનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે, ત્યારે અમદાવાદ શહેરની મોટાભાગની સ્કુલોમાં એડમિશન પ્રવેશની કામગીરી અંતિમ તબક્કામાં છે. નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કેજીના વર્ગો આગામી જુન મહિનાથી શરૂ થવાના હોય હાઈફાઈ શાળાઓએ અત્યારથી વાલીઓને દોડતાં કરી દીધા છે. જો કે, સમગ્ર એડમિશન પ્રોસીઝરમાં કેન્દ્ર સરકારના રાઈટ ટુ એજ્યુકેશન તાજાના ધજાગરા ઉડાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી માહિતી મળી રહી છે. આ કાયદા હેઠળ જે બાબતો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તમામ બાબતો હાઈફાઈ સ્કુલોમાં વાલીઓ પાસે કરાવવામાં આવી છે. ડોનેશનના દુષણ પર તો આ વખતે પણ કોઈ રોક લાગી નથી. બીજી બાજુ ડીઈઓ આ વખતે પણ મુક પ્રેક્ષક જ બની સમગ્ર તમાશો જોઈ રહ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ શહેરમાં અંદાજે ૨૫ જેટલી હાઈફાઈ શાળાઓ આવેલ છે આ શાળાઓ એવી છે કે જ્યાં વાર્ષિક ફી પેટે રૂા. ૫૦ હજારથી લઈને રૂા. ૨ લાખ સુધી ઉઘરાવવામાં આવે છે. અત્યારે આ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટેના પ્રવેશની કામગીરી જોરશોરમાં ચાલી રહી છે, ત્યારે આ શાળાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કેન્દ્ર સરકારની આરટીઈના કાયદાનો સરેઆમ ભંગ કરવામાં આવી રહ્યો છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના નિયમ મુજબ બાળકના પ્રવેશ વખતે કસોટી, તપાસ કે કોઈ પણ જાતનું ઈન્ટરવ્યુ કરી શકાતું નથી. આ ઉપરાંત શાળાઓ દ્વારા પ્રવેશના નામ ઉપર ડોનેશન ઉઘરાવી શકે નહીં. શાળાઓ દ્વારા ફીમાં દસ ટકા કરતાં વધારો કરાય નહીં. બાળકના પ્રવેશ વખતે વાલીની સામાજીક, આર્થિક, શૈક્ષણિક માહિતીની પુછપરછ કરવી નહીં. શાળાઓમાંથી જ પુસ્તકો, ગણવેશ તેમજ વિવિધ સાધનો માટે ફરજ ન પાડવી. ઉપરના નિયમોનો ભંગ થાય તો શાળાઓને દંડ થઈ શકે છે. છતાં આજે અનેક શાળાઓ આ નિયમનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ કાયદા હેઠળ જે બાબતો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે તમામ બાબતો હાઈફાઈ સ્કુલોમાં વાલીઓ પાસે કરાવવામાં આવી છે.

**નર્સરી, જુનિયર કેજી, સિનિયર કેજીના વર્ગોમાં પણ જંગી લૂંટ ચલાવાય છે : વાલીઓમાં વ્યાપક ફરિયાદો ઉઠી છે**

## એકલે હાથે કોઈની સરકાર રચાવાની નથી અને કોઈ મોજું કોઈના તરફી કે વિરૂદ્ધનું છે નહિ એ વાત બે મોટા રાજકીય પક્ષો અને સમીક્ષકો સ્વીકારે છે

### ચૂંટણીનું પ્રતિબિંબ: મતદારોનું દળદર ફીટશે ખરૂં?

- ડંકેશ ઓઝા

ભારતના લોકો સરકારની ગૂંચવાડાભરી, લાંબી લચક અને મુશ્કેલ કામગીરીથી કંટાળ્યા છે. સરકારી વહીવટીતંત્ર એટલે મુસીબત એવું જે સમીકરણ રચાઇ ગયું છે તે એકવીસમી સદી આવી છતાં સરળ બનાવાતું નથી. વાતો તો છેલ્લા માણસને સહાય કરવાની કરીએ છીએ પરંતુ છેલ્લો માણસ સમજી શકે તેવું કશું જ આપણે કરતા નથી! પ્રજા પણ પોતાને બિચારી બાપડી અને રાંક સમજે છે. લોકશાહીમાં સૌથી ઉપર અને સૌથી બળવાન પોતે જ છે. તેનો અહેસાસ હજુ સુધી તેને થતો જ નથી. બાબુશાહી માટે કહેવું હોય તો બે શબ્દો પૂરતાં છે : 'કાળા અંગ્રેજો.'

આવી પરિસ્થિતિમાં ચૂંટણી સમયે પ્રજાની ઝંખના શી હોઇ શકે?

એને મજબૂત સરકાર જોઇએ છે.

એને સ્વચ્છ સરકાર જોઇએ છે.

એને સરળ વહીવટ જોઇએ છે.

માહિતી અધિકારનો ક્રાંતિકારી કાયદો (RTI) છેલ્લાં નવ વર્ષથી આવ્યો હોવા છતાં પ્રજા પોતાને સબળ અનુભવતી નથી. શરૂઆત થઇ છે અને કયાંક ખોટી પણ થઇ છે. પ્રજા અને સરકાર બંને પક્ષે આ માહિતી અધિકાર બાબતે વિધાયક પ્રતિભાવ નથી. કોઇ બ્લેક મેઇલીંગ સુધી જાય છે તો તંત્ર હજુ આનાકાની જ કર્યા કરે છે. લોકશાહી રાજતંત્રને પોષક તેવી માનસિકતાનું ઘડતર થતું નથી.

આપણી પાસે વિકલ્પો કયા છે? કોંગ્રેસના વળતાં પાણી થઇ રહ્યાં હોવા વિશે બહુ મતભેદ નથી. તેમ છતાં તેનું ઊઠમણું પણ થવાનું નથી. તેમ થાય તો તે દેશના વ્યાપક હિતમાં પણ નથી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી લગભગ એકલે હાથે ભાજપ સામે લડવાનો પ્રયાસ કરી રહ્યા છે. નેતાગીરી નબળી પડે છે અને કાર્યકરોમાં પહેલાં જેવો લડવાનો જુસ્સો વર્તાતો નથી. પૂરાં દસ વર્ષથી કેન્દ્રમાં સત્તા હોવા છતાં આવી દશા કેમ એ ગંભીર ચિંતા, ચિંતન અને સંશોધનનો વિષય છે.

બીજી તરફ, દસ વર્ષ પછી ફરી કેન્દ્રમાં સત્તા મેળવવા ભાજપ નરેન્દ્ર મોદીની નેતાગીરીમાં અધીરો અને ઉતાવળો બન્યો છે. પ્રમોદ મહાજન ભલે ગયા અને બાજપાઇ ભલે નિષ્ક્રિય છે તેમ છતાં મોદી સાહેબ સત્તાનાં સૂત્રો આંચકી લેવા તલપાપડ થયા હોય તે રીતે દેશભરમાં ગોકીરો મચાવી રહ્યા છે. ગુજરાતમાં ભાજપના વડીલોની જે અવમાનતા અને અવદશા કરવામાં આવી તેનું દિલ્હીમાં પહોંચીને કરવામાં આવી રહ્યું છે. છતાં, સત્તા મળતી હોય અને એકાધિકાર શૈલીવાળા મોદીસાહેબ તે અપાવી શકતા હોય તો સંઘને પણ કોઇ પણ ભોગે સત્તા જોઇએ છે એવો માહોલ સર્જવામાં આવ્યો છે.

અન્ના હજારેના લોકપાલ આંદોલનથી આંખો દેશ બેઠો થઇ ગયો હોય એવું વાતાવરણ ઊભું થયું હતું. જયપ્રકાશ નારાયણની પ્રજાને યાદ આવતી હતી. આશાનો એક તંતુ ઊભો થયો હતો. આપણે એમ સમજીએ છીએ કે 'ભાગલા પાડો ને રાજ કરો'એ નીતિ વિદેશી એવા અંગ્રેજ શાસકોની જ હતી. ખરેખર તો સત્તામાં બેઠેલા અને સત્તામાં ટકી રહેવા માંગતા કોઇ પણની નીતિ આ જ રહી છે અને આ જ રહેવાની છે. એ અર્થમાં આ એક સનાતન નીતિ છે. જેનો પ્રયોગ રાજકારણ સિવાય પણ સર્વક્ષેત્રમાં થતો જ રહ્યો છે.

કેજરીવાલ 'આમ આદમી પક્ષ'ના સર્જન તરફ વળ્યા અને કિરણ બેદી ભાજપના ખોળામાં જઇ પડ્યાં. મુખ્ય સવાલ એ છે કે જાહેરક્ષેત્રમાં રહીને સેવા કરવાને બદલે સત્તા મળે તો જ સેવા થઇ શકે એ વિચારને આ લોકો તાબે થયા. ગાંધી - જયપ્રકાશની નિતિને તિલાંજલી અપાઇ. વિનોબાનું નામ આપણે નહિ લઇએ કારણ તેમની નિતિ નિષ્ક્રીય રહેવાની હતી એવું પ્રજાને સમજાયું છે. કેજરીવાલનો એક મુદ્દો સાચો છે કે તેઓ (VIP) કલ્ચરને સમાપ્ત કરીને 'જનલોકપાલ' દ્વારા પ્રામાણિક અને પારદર્શક વહીવટ કરવા તાકે છે.

૧૬મી મે એ પરિણામો બહાર પડવ લાગશે. અત્યારે નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલ આ ત્રણ વડાપ્રધાન પદના દાવેદાર હોય એવું ચિત્ર સમગ્ર મીડિયાએ ઊભું કરી દીધુ છે. જે ઝીણું જોનારા છે તેમને સમજાય છે કે કંક ઇદમ્ તૃતિયમ્ જ ઊભું થશે. જયલલિતા, મમતા, માયાવતી, નવીન પટનાયક, ચંદ્રબાબુ નાયડુ વગેરે પ્રાદેશિક નેતાઓ અને રાષ્ટ્રીય ગણાતો ડાબેરી મોરચો ચૂંટણીમાં કેવું જોર બતાવે છે અને કેટલી બેઠકો જીતી લાવે છે તેના પરથી ચિત્ર થોડું ઘણું પણ સ્પષ્ટ થશે. એકલે હાથે કોઇની સરકાર રચાવાની નથી અને કોઇ મોજું કોઇના તરફી કે વિરૂદ્ધનું છે નહિ એ વાત બે મોટા રાજકીય પક્ષો અને સમીક્ષકો તો સ્વીકારે છે.

ગમે તે આવે આપણી લોકશાહીની ચાર ચાગીરો (સંસદ - કારોબારી - ન્યાયતંત્ર - સમૂહ માધ્યમો) અને પ્રજા અને પ્રજાની સંસ્થાઓ એટલી તો બળવાન પુરવાર થશે કે જેથી દેશનાં હિતોને અને બંધારણીય જોગવાઇઓને કોઇ મોટું નુકશાન નહિ કરી શકે તેવી આશા શાણા માણસો ધરાવે છે. વિજય તેંડુલકર, યુ.આ. અનંતમૂર્તિ અને અમર્ત્યસેન થાઉં થાઉં વડાપ્રધાનની શક્યતા બાબતે આત્યંતિક ઉદ્ગારો પ્રગટ કરી ચૂકયા છે. સવાલ એ છે કે મોદી તેમના સ્વભાવથી વિરૂદ્ધ વિકાસ સાધી શકશે? જરૂર જેટલાને મનાવી શકશે? સાથે રાખી શકશે? કે પછી, ફરીથી ચુકાદા માટે લોકદરબારમાં જવું પડશે? ભરેલું નારિયેળ છે ધારણા કરવી સહેલી નથી.